# 9 સ્વરાજ માટેનો સંઘર્ષ (ઈ.સ. 1919-1947)

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઈ.સ. 1919 થી ઈ.સ. 1947 સુધીના સમયને 'ગાંધીયુગ' કહેવામાં આવે છે, કારણ કે, આ આખાય ફલક પર મહાત્મા ગાંધી છવાયેલા રહ્યા છે. તેમનાં મૂલ્યો, વિચારો અને કાર્યપ્રણાલીનો તથા તેમનાં સામાજિક, ધાર્મિક, નૈતિક અને આર્થિક વિચારોનો પ્રભાવ આ સમગ્ર અવધિ દરમિયાન ખાસ જોવા મળે છે.

## ઈ.સ. 1919 અને ઈ.સ. 1935માં કરાયેલાં બંધારણીય પરિવર્તનો

પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્ણ થયા બાદ બ્રિટિશ સરકારે મોન્ટેગ્યુ-ચેમ્સફોર્ડ ધારો આપ્યો. મોન્ટેગ્યુએ ભારતમાં સ્વશાસન આપવાની જાહેરાત કરી (ઈ.સ. 1917) હતી. જોકે, આ ધારામાં આવું કોઈ સ્વશાસન આપવામાં આવ્યું ન હતું. તેમણે આ ધારામાં શીખોને અલગ મતદારમંડળ આપ્યું. પ્રત્યક્ષ ચૂંટણીપ્રથા આપી અને પ્રાંતોમાં દ્વિમુખી શાસન પદ્ધતિ આપી. જોકે, તેનાથી ભારતીયોને કોઈ લાભ થયો નહીં. ગાંધીજીને એ ખાતરી થઈ કે અંગ્રેજો કાયદાકીય દૃષ્ટિએ કશું આપવા તૈયાર નથી.

સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન (ઈ.સ. 1931) ગાંધીજી અને ઈરવીન વચ્ચે કરાર થતાં બીજી ગોળમેજી પરિષદ ભરાઈ તેમાં ગાંધીજીએ ભાગ લીધો. અંગ્રેજ સરકારે આ પરિષદમાં અનુસૂચિત જાતિને અલગ મતદારમંડળ આપવાનો આગ્રહ કર્યો. ગાંધીજીએ તેનો વિરોધ કર્યો. ગાંધીજી ભારત પાછા ફરતાં તેમની ધરપકડ કરવામાં આવી અને પૂનાની યરવડા જેલમાં મોકલવામાં આવ્યા. બ્રિટિશ વડાપ્રધાન રેમ્ઝે મોકડોનેલ્ડે (ઈ.સ. 1932) પોતાનો પ્રસિદ્ધ કોમી ચુકાદો જાહેર કર્યો. જેમાં અનુસૂચિત જાતિને ભારતીય વિધાન પરિષદમાં અલગ બેઠકો આપવામાં આવી હતી. આ ચુકાદાની વિરુદ્ધ મહાત્મા ગાંધીએ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. છેવટે આંબેડકર સાથે હિંદુ મહાસભાની સમજૂતી થતાં કૉંગ્રેસે અનુસૂચિત જાતિને સરકાર કરતાં પણ વધારે બેઠકો આપવાનું ઠરાવતાં કોમી ચુકાદાનો વિરોધ કર્યો. ફરી એક વખત સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ થતાં બ્રિટિશ સરકાર મુશ્કેલીમાં મુકાઈ. પરિણામે તેણે આગામી સુધારાની બ્લ્યૂ પ્રિન્ટ સમું શ્વેતપત્ર બહાર પાડ્યું (ઈ.સ. 1933). આ શ્વેતપત્રને આધારે ઈ.સ. 1935નો પ્રાંતિક સ્વાયત્તતા ધારો ઘડવામાં આવ્યો. આ ધારામાં દ્વિમુખી શાસન પદ્ધતિને કેન્દ્રમાં લાગુ કરવામાં આવી. પ્રાંતોને ચૂંટાયેલા સભ્યો સાથે સ્વાયત્તતા આપવામાં આવી. પરિણામે છ જેટલા પ્રાંતોમાં ઈ.સ. 1937ની ચૂંટણી પ્રમાણે કૉંગ્રેસની સરકાર અસ્તિત્વમાં આવી. આ ધારા અનુસાર સૂચિત સમવાયતંત્ર ઘડવામાં આવ્યું હતું. પરંતુ તેની સૌથી વિચિત્ર બાબત એ હતી કે તેમાં અડધા સભ્યો બ્રિટિશ પ્રાંતોના ચૂંટાયેલા હતા જ્યારે અડધા દેશી રજવાડાંના પ્રતિનિધિઓ હતા. દેખીતી રીતે તેમણે સૂચિત સમવાયતંત્ર અને પ્રાંતિક સ્વાયત્તતા દાખલ કર્યાં પરંતુ ગવર્નર અને ગવર્નર જનરલને એટલી વિશાળ સત્તાઓ આપવામાં આવી હતી કે તેઓ કોઈપણ કાયદાને નાબૂદ કરી શકે. તેમને ખાસ વિટો વાપરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.

ઉપરોક્ત બંને કાયદાઓ પ્રત્યાઘાતી સ્વરૂપના હોવા છતાં ભારતના બંધારણીય ઈતિહાસમાં તેનું વિશિષ્ટ સ્થાન છે. મોન્ટફર્ડ (1919) કાયદાએ પ્રત્યક્ષ ચૂંટણીપ્રથાનો પ્રારંભ કરી આપ્યો તો ભારત સરકાર અધિનિયમે (1935) ભારતને પ્રાંતિક સ્વાયત્તતા આપી. આ જ વર્ષે જ રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાની સ્થાપના થઈ એ દર્શાવે છે કે ભારત આર્થિક સ્વતંત્રતા તરફ ઝડપથી ગતિ કરી રહ્યું છે.

## મહાત્મા ગાંધીજી અને સ્વાતંત્ર્ય ચળવળ, તેમના સત્યાગ્રહ અને અહિંસા અંગેના વિચારો

વિશ્વમાં ભારતીય સ્વતંત્રતાસંગ્રામ અનોખો છે. 20મી સદીનો પૂર્વાર્ધ દુનિયાભરમાં બે મહાયુદ્ધો અને સરમુખત્યારશાહીની દર્દનાક હિંસાથી ભરેલો છે. ત્યારે ભારતમાં સત્ય અને અહિંસાના પાયા પર માનવચેતનાને સંકોરી તેણે સ્વરાજ્યપ્રાપ્તિ તરફ લઈ જવાનું મહાન કાર્ય ભારતમાતાના વીર સપૂત મહાત્મા ગાંધીએ કર્યું.

રાષ્ટ્રપિતા અને બાપુથી પ્રખ્યાત મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ ગુજરાતમાં પોરબંદર ખાતે (ઈ.સ. 1869)



ગાંધીજી

થયો હતો. બ્રિટનની યુનિવર્સિટીમાંથી કાયદાની ઉપાધિ પ્રાપ્ત કરી ભારત પરત ફર્યા. ત્યારબાદ વકીલાત કરવા દક્ષિણ આફ્રિકા પહોંચ્યા (1893). દક્ષિણ આફ્રિકામાં રંગભેદ અને સામાજિક અસમાનતા સામે ન્યાયની ઉચ્ચ ભાવના સાથે લડતનો પ્રારંભ કર્યો. ભારતમાં અસ્પૃશ્યો જેવી હાલત દક્ષિણ આફ્રિકામાં ભારતીયોની હતી. તેમને કોઈ માનવ અધિકારો મળ્યા ન હતા. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સત્ય અને અહિંસા પર આધારિત સત્યાગ્રહ નામનું મહત્ત્વપૂર્ણ આંદોલન ચાલુ કર્યું. ગાંધીજી હિંસાને કાયરપણું ગણતા. તેમણે લખ્યું હતું અહિંસા માનવજાતિનો ધર્મ છે જ્યારે હિંસા પશુનો ધર્મ છે.

ગાંધીજીનો દૃષ્ટિકોણ એ રીતે પણ મહત્ત્વપૂર્ણ હતો કે તેઓના વિચાર અને આચારમાં કોઈ અંતર ન હતું. સત્ય અને અહિંસા માત્ર ભાષણ અને લેખો માટે ન હતાં, રોજબરોજના જીવન માટે પણ હતાં. ગાંધીજીને જનતા પર અને તેમના સંઘર્ષની ક્ષમતા પર અતૂટ વિશ્વાસ હતો. 46 વર્ષની વયે તેઓ જ્યારે (ઈ.સ. 1915) ભારત આવ્યા ત્યારે ભારતવાસીઓમાં તેમના પ્રત્યે અપાર પ્રેમની લાગણી હતી. તેમનાં કાર્યોથી તેઓ ભારતમાં ખાસ્સા પરિચિત થઈ ચૂક્યા હતા. ત્યારબાદ (ઈ.સ. 1916 સુધી) તેમણે ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહથી ભારત ભ્રમણ કર્યું અને (ઈ.સ. 1916માં) અમદાવાદ મુકામે કોચરબ આશ્રમની સ્થાપના કરી. ત્યારબાદ અમદાવાદમાં જ (ઈ.સ. 1917-18) સાબરમતી આશ્રમની સ્થાપના કરી. અહીં એમણે સત્ય અને અહિંસાને વ્યાવહારિક સ્વરૂપ આપવાનું કાર્ય કર્યું. પોતાના સત્યના પ્રયોગોનો તેમણે અહીંયાં પ્રારંભ કર્યો. મહાત્મા ગાંધીએ ભારતમાં આવ્યા બાદ પ્રજાકીય લડતની શરૂઆત કરી. તેમણે આ પ્રકારનો પ્રથમ સત્યાગ્રહ (ઈ.સ. 1917) ચંપારણમાં કર્યો. ચંપારણમાં ગળીની ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો તીન કઠિયા પ્રથાનો ભોગ બન્યા હતા. તેમણે તેમની જમીનના 3/20 ભાગ પર ફરજિયાતપણે ગળીની ખેતી કરવી પડતી હતી અને અંગ્રેજ માલિકો નક્કી કરે તે જ ભાવે વેચવી પડતી હતી. આ પ્રથાથી ગરીબ અને બેહાલ થયા હતા. ગાંધીજીના દક્ષિણ આફ્રિકા સત્યાગ્રહ વિશે સાંભળીને ચંપારણના ખેડૂત આગેવાનોએ ગાંધીજીની સહાય માંગી અને તેમણે ત્યાં આવવા આમંત્રણ અપાયું. ગાંધીજીએ ત્યાં જઈ વિસ્તૃત તપાસ કરી ખેડૂતોનું નેતૃત્વ લીધું. સરકારે એક તપાસ સમિતિ નીમીને ગાંધીજીને ત્યાંના સભ્ય બનાવ્યા અને ખેડૂતોની સમસ્યા દૂર થઈ. ભારતમાં સત્યાગ્રહનું આ પ્રથમ આંદોલન સફળ થયું. એટલું જ નહીં ગાંધીજીએ ભારતીય ખેડૂતના ભયંકર ગરીબીભર્યા જીવનને નજીકથી જોયું અને આજીવન તેમના માટે કામ કરવાનું નક્કી કર્યું.

ચંપારણ સત્યાગ્રહ બાદ (ઈ.સ. 1918) અમદાવાદના મિલમજૂરો અને મિલમાલિકો વચ્ચે થયેલા વિવાદમાં બંને પક્ષો વચ્ચે સમાધાનકારીની ભૂમિકા ભજવી તેમણે મજૂરોને હડતાળ પર જવા સલાહ આપી અને હિંસાથી દૂર રહેવા જણાવ્યું. એટલું જ નહીં પ્રથમ વખત તેમણે ઉપવાસ શસ્ત્રનો પ્રયોગ કર્યો. ગાંધીજીના ઉપવાસ આંદોલનને કારણે મિલ-માલિકો નરમ પડ્યા અને મજૂરોની મજૂરી વધારવા માટે સહમત થયા.

એ અરસામાં જ (ઈ.સ. 1918) ગુજરાતના ખેડા મુકામે ખેડૂતોના પ્રશ્ને ગાંધીજીએ મહત્ત્વપૂર્ણ સત્યાગ્રહ કર્યો. અતિવૃષ્ટિને કારણે પાક નિષ્ફળ જતાં સરકાર પૂરેપૂરું મહેસૂલ ઉઘરાવવા ઉગ્ર બની હતી. ગાંધીજીએ જ્યાં સુધી મહેસૂલમાં છૂટ ન મળે ત્યાં સુધી ખેડૂતોને મહેસૂલ ન ભરવા જણાવી સત્યાગ્રહ શરૂ કર્યો. સરકારે જ્યારે માત્ર ધનાઢ્ય ખેડૂતો પાસેથી મહેસૂલ ચૂકવવાનો આગ્રહ રાખ્યો ત્યારે જ ગરીબ ખેડૂતોને મહેસૂલમાં છૂટ આપી ત્યારે આ આંદોલન પાછું ખેંચાયું. સરદાર વલ્લભભાઈ પટેલ ગાંધીજીના પ્રખર અનુયાયી બન્યા હતા.

ગાંધીજીનાં માર્ગદર્શન અને ફિલસૂફી પ્રમાણે બારડોલી ખાતે વલ્લભભાઈ પટેલે મહત્ત્વપૂર્ણ ખેડૂત આંદોલન કરી સફળતા પ્રાપ્ત (ઈ.સ. 1928) કરી હતી.

### રચનાત્મક કાર્યક્રમો, રૉલેટ ઍક્ટના વિરુદ્ધમાં ચળવળ

પ્રથમ વિશ્વયુદ્ધમાં ક્રાંતિકારીઓ વિરુદ્ધ આકરા કાયદાઓ પસાર કરવામાં આવેલ હતા. જેમાં ક્રાંતિકારીઓને કોઈપણ પ્રકારના ગુના વગર પકડીને જેલમાં ઠાંસી દેવામાં આવતા હતા અને તેમના પર અત્યાચાર કરવામાં

આવતા. ભારતીયોને એવો વિશ્વાસ હતો કે યુદ્ધ બાદ સરકાર આવા કાયદાઓ પરત ખેંચશે. પરંતુ આવા અત્યાચારી કાયદાને સરકારે રૉલેટ ઍક્ટ બનાવી માર્ચ 1919માં પસાર કરતાં ભારતવાસીઓ ચોંકી ગયા. આ કાયદા અનુસાર કોઈપણ ભારતીય ઉપર અદાલતમાં કામ ચલાવ્યા સિવાય તેમને જેલમાં પૂરી શકાતા હતા. રૉલેક્ટ કાયદા ભારતવાસીઓ માટે અત્યંત ધૃણાસ્પદ હતો. યુદ્ધ દરમ્યાન સરકારે ભારતવાસીઓને સ્વશાસન આપવાની હૈયાધારણ આપી હતી તેને બદલે આ કાયદા દ્વારા લોકોની ભાવના સાથે તેણે દ્રોહ કર્યો હતો. ગાંધીજીએ આ કાયદાને કાળો કાયદો કહ્યો અને તેનો વિરોધ કરવા ભારતીય સ્વાતંત્રતાસંગ્રામનું નેતૃત્વ પોતાના હાથમાં લીધું. એમણે એક સત્યાગ્રહ સભા રચીને (ઈ.સ. 1919) જેલ ભરો આંદોલન શરૂ કર્યું. રૉલેક્ટ ઍક્ટની વિરુદ્ધમાં ગાંધીજીએ સત્યાગ્રહ શરૂ કર્યો.

### જલિયાંવાલા બાગનો હત્યાકાંડ

રૉલેક્ટ ઍક્ટ વિરુદ્ધ મહાત્મા ગાંધીનો સત્યાગ્રહ કચડી નાખવા સરકારે આકરાં પગલાં ભર્યાં. મુંબઈ, અમદાવાદ, કોલકાતા, દિલ્હીમાં સત્યાગ્રહીઓ ઉપર ગોળીઓ વરસાવતાં. (6 એપ્રિલ 1919) ગાંધીજીએ રાષ્ટ્રવ્યાપી હડતાળનું આહ્વાન કર્યું હતું. લોકો સ્વેચ્છાથી તેમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. સરકારે લોકોના વિરોધનો સામનો કરવા ધારા-144નો અમલ શરૂ કર્યો. ખાસ કરીને પંજાબમાં આ સમયે સ્થિતિ સ્ફોટક હતી. પંજાબના અમૃતસરમાં (13 એપ્રિલ 1919) વિશાળ જનસમૂહ પોતાના લોકપ્રિય નેતાઓ ડૉ. સૈફુદ્દીન કિચલુ અને ડૉ. સત્યપાલની ધરપકડનો વિરોધ કરવા એકઠો થયો હતો. જલિયાંવાલા બાગમાં વૈશાખીના તહેવારને અનુલક્ષીને અનેક લોકો આવ્યા હતા. નિઃશસ્ત્ર લોકોના સમૂહ ઉપર અમૃતસરના લશ્કરી કમાન્ડર જનરલ ડાયરે ગોળીઓ વરસાવી. જ્યાં સુધી લશ્કર પાસે ગોળીઓ સમાપ્ત ન થઈ ત્યાં સુધી ગોળીબાર ચાલતો રહ્યો. એક હજાર જેટલા લોકો આ ગોળીબારમાં મૃત્યુ પામ્યા અને અનેક લોકો ઘાયલ થયા એટલું જ નહીં સરકારે પંજાબમાં માર્શલ લૉ લગાવી લોકો પર અપાર અત્યાચાર કર્યા. આ ઘટનાએ સમગ્ર ભારતવાસીઓને ક્ષુબ્ધ બનાવ્યા. સમગ્ર દેશમાં ભયનું વાતાવરણ વ્યાપી ગયું. સામ્રાજ્યવાદી શાસનનો ભયંકર વિરોધ થયો. આ ઘટનાથી વ્યથિત થઈ ગાંધીજીએ સરકાર દ્વારા અપાયેલો 'કૈંસરે હિંદ'નો ઇલકાબ ત્યજી દીધો જ્યારે રવીન્દ્રનાથ ટાગોરે નાઇટની પદવી પાછી આપી.

### ખિલાફત અને અસહકારનાં આંદોલનો

પ્રથમ વિશ્વયુદ્ધમાં તુર્કી જર્મનીને પક્ષે લડી રહ્યું હતું. ભારતીય મુસ્લિમો તુર્કના તુર્કી સુલતાનને ઇસ્લામ ધર્મના ધાર્મિક વડા માનતા હતા. તેમના મતે પ્રથમ વિશ્વયુદ્ધમાં હારેલ તુર્કી વિરુદ્ધ જે કોઈ સંધિ કરવામાં આવે તેમાં ઇસ્લામિક પ્રમુખ એટલે કે ખલીફાની સ્થિતિને કોઈ આંચ આવવી જોઈએ નહીં. ભારતીય મુસ્લિમોના અગ્રણી અલીભાઈઓ (મુહમ્મદ અલી અને શૌકતઅલી), મૌલાના આઝાદ, હકીમ અજમલ ખાં અને હસરત મુહાનીના નેતૃત્વમાં એક ખિલાફત સમિતિની નિમણૂક કરવામાં આવી. તેમણે બ્રિટન વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી ખિલાફત આંદોલન કરવાનું નક્કી કર્યું. દિલ્હીમાં નવેમ્બર 1919માં અખિલ ભારતીય ખિલાફત સંમેલન મળ્યું જેમાં સરકાર તેમની માંગોનો સ્વીકાર ન કરે તો સરકાર સાથે અસહયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેમણે કૉંગ્રેસના આંદોલનને ટેકો જાહેર કર્યો. ગાંધીજી અને તિલકે ખિલાફત આંદોલનને હિંદુ-મુસ્લિમ એકતા સ્થાપિત કરવા માટેનો સોનેરી અવસર ગણાવી ટેકો આપ્યો. તેમણે ખિલાફતને અને પંજાબના અત્યાચારોને સાથે રાખી બ્રિટિશરો વિરુદ્ધ લડવાનું નેતૃત્વ લીધું. સરકારે રૉલેક્ટ કાયદા અંગે વિચારવા અને પંજાબની ઘટનાઓ પર કાર્ય કરવાનું વિચારવાને બદલે લોકો પર અત્યાચાર ચાલુ રાખ્યા. તેથી (જૂન 1920) અલ્હાબાદમાં તમામ પક્ષોએ ભેગા મળી સરકાર વિરુદ્ધ આંદોલન કરવાનું નક્કી કર્યું. છેવટે (31 ઑગસ્ટ 1920) ખિલાફત આંદોલને આ અસહકારની લડતનો પ્રારંભ કર્યો.

કૉંગ્રેસે 1920ના કોલકાતા અધિવેશનના અસહકારના આંદોલનનો ઠરાવ પસાર કર્યો. જ્યાં સુધી પંજાબના અત્યાચારો અને ખિલાફતની માંગ સંતોષાય નહીં ત્યાં સુધી સરકારનો અસહકાર કરવાનું નક્કી કરવામાં

આવ્યું. ગાંધીજીએ (ડિસેમ્બર 1920) નાગપુર કૉંગ્રેસમાં ઘોષણા કરી કે સામ્રાજ્યને નષ્ટ કરવું પ્રત્યેક ભારતીયનું પરમ કર્તવ્ય છે. નાગપુર અધિવેશનમાં કૉંગ્રેસે અસહકાર આંદોલનનો મુસદો ઘડી કાઢ્યો. ગાંધીજીને કારણે આજ સુધી ઉપલા વર્ગ સાથે કામ કરનાર કૉંગ્રેસનું સ્વરૂપ બદલાયું અને તે નિર્ધન લોકો સુધી એટલે કે સામાન્ય લોકો સુધી પહોંચ્યું. વિદેશી શાસનથી મુક્તિ માટે જે રાષ્ટ્રીય સંઘર્ષ શરૂ થયો તેમાં સામાન્ય લોકોએ મોટા પ્રમાણમાં હિસ્સો લીધો. જનતાએ ગુલામી મનોવૃત્તિનો ત્યાગ કર્યો. હિંદુ-મુસલમાન એકતા સ્થપાઈ. ત્યારબાદ (ઈ.સ. 1921-22) અસહકારના મહત્ત્વપૂર્ણ આંદોલનથી દેશનો મોટો ભાગ ગુંજી ઊઠ્યો. હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓએ સરકારી શાળા-કૉલેજો છોડી રાષ્ટ્રીય કેળવણી આપતી સંસ્થાઓમાં પ્રવેશ લીધો. આ સમયે અલીગઢમાં જામિયા-મિલિયા-ઈસ્લામિયા (રાષ્ટ્રીય મુસ્લિમ વિશ્વવિદ્યાલય), બિહાર વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ અને ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. સેંકડો વકીલોએ પોતાની ધીકતી વકીલાત છોડી સ્વતંત્રતાસંગ્રામમાં ઝુકાવ્યું, જેમાં મોતીલાલ નેહરુ, સરદાર પટેલ, ચિતરંજન દાસ અને રાજેન્દ્રપ્રસાદનો સમાવેશ થાય છે. આ આંદોલનમાં સ્ત્રીઓએ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. તેમણે પોતાના કિંમતી દાગીના સ્વતંત્રતાસંગ્રામમાં દાન કરી દીધા હતા.

અસહકારનું આંદોલન ચલાવવા તિલક સ્વરાજ્ય ફંડ સ્થાપિત કરવામાં આવ્યું હતું. વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર અને ખાદીપ્રવૃત્તિ આ આંદોલનનું મહત્ત્વપૂર્ણ તત્ત્વ હતું. કૉંગ્રેસે સમગ્ર ભારતભરમાં આ આંદોલનનો પ્રચાર-પ્રસાર કરવાનું નક્કી કર્યું. તો સરકારે રાષ્ટ્રવાદીઓની ધરપકડ કરવાનું અને દમન ગુજારવાનું કામ ચાલુ કર્યું. લગભગ 3 હજાર જેટલા લોકોને જેલમાં પૂરવામાં આવ્યા. બ્રિટનના પ્રિન્સ ઑફ વેલ આ સમયે ભારત આવ્યા ત્યારે તેમનો પણ વિરોધ કરવામાં આવ્યો. ગાંધીજી જનતાના આ અહિંસક આંદોલન બાદ નાકરની ચળવળ ચલાવવાના હતા. લોકો સતત મોટી સંખ્યામાં આંદોલનમાં જોડાઈ રહ્યા હતા. પરંતુ સંયુક્ત પ્રાંતના ગોરખપુર જિલ્લામાં ચૌરીચોરા નામના ગામમાં (5 ફેબ્રુઆરી, 1922) 3 હજાર ખેડૂતો ઉપર પોલીસે ગોળીબાર કર્યો. આથી ક્રોધિત ભીડે પોલીસસ્ટેશન પર હુમલો કરી આગ ચાંપી દીધી જેને કારણે 22 જેટલા પોલીસ કર્મચારીઓ માર્યા ગયા. આ ઘટનાથી દુ:ખી થઈ મહાત્મા ગાંધીએ બારડોલી ખાતે (12 ફેબ્રુઆરી, 1922) આંદોલન પાછું ખેંચવાનો નિર્ણય લીધો અને ખાદીપ્રવૃત્તિ તથા સામાજિક એકતા જેવાં રચનાત્મક કાર્યોમાં લાગી જવાનું લોકોને આહ્‌વાન કર્યું. ગાંધીજીના આ નિર્ણયનો તેમના નજીકના સાથીદારોએ પણ વિરોધ કર્યો પરંતુ ગાંધીજી તેમના નિર્ણયમાંથી ડગ્યા નહીં. ગાંધીજી પર સરકારે અસંતોષ ઊભો કરવાનો આરોપ લગાવી છ વર્ષની જેલની સજા ફરમાવી.

**ક્રાંતિકારીઓની ભૂમિકા**

અસહકાર આંદોલન બાદ ફરી એક વખત આત્યંતિક રાષ્ટ્રવાદીઓએ ક્રાંતિકારી પ્રવૃત્તિઓની શરૂઆત કરી. આ ક્રાંતિકારીઓ સમાજવાદમાં શ્રદ્ધા ધરાવતા હતા અને અસહકાર આંદોલનની નિષ્ફળતાને કારણે ઊભા થયા હતા. તેમણે સશસ્ત્ર ક્રાંતિ માટે સંગઠન ઊભું કરવા હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘની સ્થાપના (1924) કરી. સરકારે તેમની ધરપકડો કરી (ઈ.સ. 1925) કાકોરી કેસ ચલાવ્યો. રામપ્રસાદ બિસ્મિલ અને અશફાક ઉલ્લા અને અન્ય બે ક્રાંતિકારીઓને ફાંસી આપવામાં આવી. (ઈ.સ. 1928) ચંદ્રશેખર આઝાદના નેતૃત્વમાં ક્રાંતિકારીઓએ નવીન સંગઠન હિન્દુસ્તાન સમાજવાદી પ્રજાતંત્ર સંઘ શરૂ કર્યું. તેઓ વ્યક્તિગત વીરતા અને હિંસાની પ્રવૃત્તિઓથી દૂર રહેતા હતા. પરંતુ સાયમન કમિશનનો વિરોધ કરનાર પંજાબના મહાન નેતા લાલા લજપતરાયનું પોલીસ લાઠીચાર્જમાં અવસાન થતાં આ ક્રાંતિકારીઓ ઊકળી ઊઠ્યા. ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ અને રાજગુરુએ લાલા લજપતરાય પર લાઠીચાર્જનો આદેશ કરનાર બ્રિટિશ પોલીસ અધિકારી સાન્ડર્સની (17 ડિસેમ્બર, 1927) હત્યા કરી. ચંદ્રશેખર આઝાદ અને ભગતસિંહના ક્રાંતિકારી સંગઠને પોતાના રાજકીય ઉદ્દેશો જનતા સુધી પહોંચાડવા અને બ્રિટિશ સરકારને જાણ કરવા એક નવો જ રસ્તો અપનાવ્યો. ભગતસિંહ અને

બટુકેશ્વર દત્તે (8 એપ્રિલ, 1929) કેન્દ્રીય ધારાસભામાં બૉમ્બ વિસ્ફોટ કર્યો. તેમના મતે તેમનો આશય કોઈની હત્યા કરવાનો ન હતો પરંતુ બહેરી થઈ ગયેલી બ્રિટિશ સરકારને જાણ કરવાનો હતો. બીજું આ બૉમ્બથી કોઈની હત્યા પણ નહોતી કરવામાં આવી અને કોઈને ઈજા પણ નહોતી પહોંચી. ભગતસિંહ અને બટુકેશ્વર ભાગી જવાને બદલે પકડાયા અને ન્યાયાલયમાં અંગ્રેજ સરકાર વિરોધી દલીલો કરતા રહ્યા.

બંગાળમાં પણ ક્રાંતિકારી રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ ફરી એકવાર ઊભી થઈ હતી. તેણે (એપ્રિલ 1930) ચટગાંવના સરકારી શસ્ત્રાગાર ઉપર ક્રાંતિકારીઓએ છાપો મારી લૂંટ ચલાવી. તેનું નેતૃત્વ માસ્ટર સૂર્યસેને કર્યું હતું. તેમની સાથે મહિલાઓએ પણ ભાગ લીધો હતો. સરકારે આ પ્રવૃત્તિઓ દબાવી દેવા ક્રાંતિકારીઓની ધરપકડ કરી અને તેમના પર કેસ ચલાવ્યા. સરકારે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુની ધરપકડ કરી. તેમના પર કેસ ચલાવ્યો. ત્રણેયને (23 માર્ચ, 1931) ફાંસી આપવામાં આવી.

આ ક્રાંતિકારી રાષ્ટ્રવાદી આંદોલન મહત્ત્વપૂર્ણ હતું. સૂર્યસેનને (ઈ.સ. 1931) પકડીને ફાંસી આપવામાં આવી. સરકારે તેમને ઉગ્ર હાથે દાબી દેવા માટે કાર્ય કર્યું. આ ઉપરાંત કેટલાક સામ્યવાદી નેતાઓને પકડીને તેમના પર મેરઠ કેસ ચલાવવામાં આવ્યો હતો. આમ, ક્રમશઃ આંદોલન સતત ચાલતું રહ્યું.

### સાયમન કમિશન અને ભારતના લોકોનો પ્રતિભાવ

બ્રિટિશ સરકારે ઇન્ડિયન સ્ટૅચ્યૂટર કમિશનની નિમણૂક (નવેમ્બર 1927) કરી જે સાયમન કમિશન તરીકે ઓળખાય છે. જોહન સાયમન તેના પ્રમુખ હતાં. તેનો ઉદ્દેશ ભારતમાં બંધારણીય સુધારા સૂચવવાનો હતો. જોકે, સાયમન કમિશનના તમામ કમિશન અંગ્રેજો હતા તે કારણે ભારતવાસીઓએ તેનો વિરોધ કર્યો. ભારતીયોએ કહ્યું કે સ્વરાજની યોગ્યતા કે અયોગ્યતાનો નિર્ણય માત્ર ગોરા લોકો કેવી રીતે લઈ શકશે. તેનાથી ભારતીયોના આત્મસન્માનને ઠેસ પહોંચી છે. કૉંગ્રેસ, મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાએ સાયમન કમિશનનો વિરોધ કર્યો.

સાયમન કમિશનના વિરોધની સાથે સાથે ભારતીય જૂથોએ બંધારણીય સુધારાની એક યોજના બનાવી સાયમન કમિશનને જવાબ આપવાનો પ્રયત્ન કર્યો. પરિણામે મોતીલાલ નેહરુએ (ઑગસ્ટ 1928) પ્રસિદ્ધ નેહરુ રીપૉર્ટ પ્રસ્તુત કર્યો. જે ભારતના બંધારણની બ્લ્યૂ-પ્રિન્ટ ગણાય છે. કમનસીબે તમામ પક્ષોએ નેહરુ રિપૉર્ટ સ્વીકાર્યો નહીં. મુસ્લિમ લીગ, હિંદુ મહાસભા અને શીખ પ્રતિનિધિ મંડળે તેનો વિરોધ કર્યો. કમિશન મુંબઈ પહોંચતાં જ હડતાલોની શરૂઆત થઈ. 'સાયમન ગો બૅક'ના નારાથી તેનો વિરોધ શરૂ થયો. ગાંધીજી પણ સાયમન કમિશનના વિરોધથી જનતા આંદોલન માટે તૈયાર છે એમ સમજતા હતા અને એ તરાહમાં તેમણે પોતાની બીજી મહત્ત્વપૂર્ણ ચળવળ શરૂ કરી.

### સવિનય કાનૂનભંગની ચળવળ અને દાંડીકૂચ

જનતાની ભાવનાનું સન્માન કરી મહાત્મા ગાંધી એક મહાન આંદોલન તરફ વળ્યા. ફલતઃ લાહોર ખાતે કૉંગ્રેસનું અધિવેશન(ડિસેમ્બર, 1929) મળ્યું જેમાં કૉંગ્રેસે પૂર્ણ સ્વરાજનું પોતાનું લક્ષ ઘોષિત કર્યું અને 26 જાન્યુઆરી, 1930ને પ્રજાસત્તાક દિવસ મનાવવાનું નક્કી થયું. જો કે એ પહેલાં (31 ડિસેમ્બર, 1929) લાહોર ખાતે સ્વતંત્ર ભારતનો સ્વીકૃત તિરંગો ધ્વજ લહેરાવવામાં આવ્યો. એટલું જ નહિ પરંતુ દર વર્ષે 26મી જાન્યુઆરીનો દિવસ પ્રજાસત્તાક દિવસ મનાવવો તેવું ઠરાવવામાં આવ્યું. એટલું જ નહીં એક સવિનય કાનૂનભંગનું આંદોલન કરવાનું નક્કી થયું જેનો નિર્ણય મહાત્મા ગાંધી લેવાના હતા. આ આંદોલનની શરૂઆત મહાત્મા ગાંધીની



દાંડીયાત્રા

પ્રસિદ્ધ દાંડીયાત્રાથી થઈ. તેમણે (12 માર્ચ, 1930ના રોજ) અમદાવાદથી પોતાના 78 સાથીદારો સાથે 375 કિ.મી. દૂર ભગવાદાંડી જઈ બ્રિટિશ કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું. માર્ગમાં આવતાં સેંકડો ગામડાઓમાં તેમની સભાઓ થઈ. ગાંધીજીએ (6 એપ્રિલ, 1930ના રોજ) દાંડી મુકામે પહોંચી અને સમુદ્રકિનારેથી મુઠ્ઠી ભરી મીઠું ઉપાડી આંદોલનનો પ્રારંભ કર્યો. તેમણે બ્રિટિશ સરકારનો મીઠાનો કાયદો તોડીને આ પ્રતીક દ્વારા સમગ્ર ભારતવાસીઓને સ્વતંત્રતાનો સંદેશો આપ્યો. તેમણે કહ્યું બ્રિટિશ શાસન ભારતીયો માટે અભિશાપ સમાન છે. હું આ શાસનપ્રણાલીને નષ્ટ કરવાના મતનો છું. રાજદ્રોહ એ મારો ધર્મ છે. ગાંધીજીના સવિનય કાનૂનભંગના આ કૃત્યથી સમગ્ર રાષ્ટ્રમાં ક્રાંતિની લહેર ફરી વળી. મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, પૂર્વીય ભારતની પ્રજાએ જંગલના અને ચોકીદારીના કાયદાઓ તોડ્યા. હડતાળ પ્રદર્શન, વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર જેવાં મહત્ત્વપૂર્ણ કાર્યો પ્રજાએ કર્યાં. લાખો ભારતીયો આ સત્યાગ્રહમાં જોડાયા. ખેડૂતોએ કર ચૂકવવાની ના પાડી. હજારો સ્ત્રીઓએ આ સત્યાગ્રહમાં ભાગ લઈ વિદેશી વસ્ત્ર અને દારૂ વેચતી દુકાનો પર પિકેટિંગ કર્યું.

આ આંદોલન છેક ભારતના ઉત્તર પશ્ચિમી ભાગ સુધી પહોંચ્યું હતું. સરહદના ગાંધી તરીકે ઓળખાતા ખાન અબ્દુલ ગફાર ખાનના નેતૃત્વ નીચે ખુદાઈ ખિદમતગાર નામનું સંગઠન ઊભું કર્યું. તેઓ લાલ ખમીસધારી કહેવાતા  તેઓ અહિંસાપૂર્ણ સત્યાગ્રહમાં માનતા. અહિંસા એક મહત્ત્વપૂર્ણ ઘટના બની હતી. પેશાવરમાં ગઢવાલી સેનાપતિ ચંદ્રસિંહ ગઢવાલી અને અન્ય સૈનિકોએ આ અહિંસક ક્રાંતિકારીઓ પર ગોળીઓ ન ચલાવવાનો નિર્ણય લીધો. બ્રિટિશ સરકારે તેમના પર કૉર્ટમાર્શલ કરી આજીવન જેલની સજા કરી. પરંતુ આ ઘટનાએ એ સાબિત કર્યું કે ગાંધીજીના આદર્શો અને રાષ્ટ્રવાદની ભાવના ભારતીય સેના સુધી ફેલાઈ ચૂકી છે જે બ્રિટિશ શાસનનો મુખ્ય સ્તંભ હતો. આ રીતે સમગ્ર દેશમાં આંદોલન વ્યાપક બન્યું નાગાલૅન્ડમાં રાણી ગિડાલુએ માત્ર 13 વર્ષની વયે ગાંધીજીના આંદોલનમાં ભાગ લઈ બ્રિટિશ શાસન વિરુદ્ધ વિદ્રોહ કર્યો. રાણી ગિડાલુને પકડીને આજીવન કેદની સજા કરવામાં આવી. જેમાંથી દેશને સ્વતંત્રતા મળ્યા બાદ જ રાણીને મુક્તિ મળી. જવાહરલાલ નેહરુએ લખ્યું એક દિવસ એવો આવશે જ્યારે ભારત તેને યાદ કરશે અને તેનું સન્માન કરશે. સરકારે આંદોલનકારો વિરુદ્ધ ભયંકર અત્યાચાર કર્યા. ગાંધીજી સહિત 90 હજાર કરતાં વધારે ક્રાંતિકારીઓને પકડવામાં આવ્યા. કૉંગ્રેસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. સમાચારો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. 110 જેટલા લોકોને ગોળીબારમાં મારવામાં આવ્યા. ત્યારબાદ (ઈ.સ. 1930) લંડનમાં ગોળમેજી પરિષદનું આયોજન કરવામાં આવ્યું. જેનો આશય સાયમન કમિશનના રિપોર્ટ પર વિચાર કરવાનો હતો. પરંતુ કૉંગ્રેસે તેનો વિરોધ કર્યો. અંતે વાઈસરૉય ઇર્વિન અને ગાંધીજી વચ્ચે (માર્ચ 1931) કરાર થયો અને ગાંધીજી સવિનય કાનૂનભંગનું આંદોલન રોકીને બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન ગયા. જોકે, ગાંધીજીની માંગણી સરકારે સ્વીકારી નહીં અને ભારતીયોને કોઈ જ અધિકારો ન મળતાં ગાંધીજી પાછા ફર્યા. ફરી એક વખત આંદોલન શરૂ કરવામાં આવ્યું. ઉત્તર ભારતમાં જવાહરલાલ નેહરુએ આ આંદોલનનું નેતૃત્વ લીધું. ફરીથી સરકારી દમન શરૂ થયું અને ધીમે ધીમે આંદોલન પણ ઠંડું પડ્યું.

**મીઠાના સત્યાગ્રહો**

દાંડીની સાથે સાથે મીઠાના સત્યાગ્રહો દેશના વિભિન્ન ભાગોમાં શરૂ થયા હતા. ગુજરાતમાં ધરાસણા ખાતે ગાંધીજીએ સત્યાગ્રહ કરવાની જાહેરાત કરી. તેમની ધરપકડ (5મી મે, 1930ના) થતાં મીઠાના સત્યાગ્રહોની નેતાગીરી અબ્બાસ તૈયબજીને મળી. જોકે તેમની પણ ધરપકડ થતાં અંતે સરોજિની નાયડુએ મીઠાના સત્યાગ્રહનું નેતૃત્વ લીધું. ધરાસણા સિવાય સુરજકરાડી અને વડાલા ખાતે પણ મીઠાનો સત્યાગ્રહ થયો હતો. ઉત્તર ભારત અને બિહારનાં ઘણાં બધાં ક્ષેત્રોમાં લોકોએ પોતાના ઘરે જ મીઠું બનાવી મીઠાના કાયદાનો વ્યાપક ભંગ કર્યો હતો.

### કૉંગ્રેસી પ્રધાન મંડળની રચના

ભારત સરકાર અધિનિયમ-1935 અનુસાર પ્રાંતોમાં સ્વાયત્તતા આપવામાં આવી. આ કાયદા અનુસાર થયેલી ચૂંટણીમાં જનતાએ કૉંગ્રેસને બહુમતી આપી. 11 માંથી 7 પ્રાંતોમાં કૉંગ્રેસ મંત્રીમંડળ અમલમાં આવ્યું. બે પ્રાંતમાં કૉંગ્રેસ અન્ય પક્ષના ટેકાથી સરકાર બનાવી શકી. માત્ર પંજાબ અને બંગાળ પ્રાંતમાં કૉંગ્રેસ સિવાયના પક્ષોએ સરકાર બનાવી હતી. પંજાબમાં યુનિયનિસ્ટ પાર્ટીએ અને બંગાળમાં કૃષક પ્રજા પાર્ટી અને મુસ્લિમ લીગે સાથે મળીને સરકારની રચના કરી હતી.

કૉંગ્રેસ મંત્રીમંડળે ભારતમાં બ્રિટિશ શાસનતંત્રના સામ્રજ્યવાદી સ્વરૂપને બદલવાનું કાર્ય કર્યું. જોકે તેમને બહુ ઓછા અધિકારો મળ્યા હતા. તેમ છતાં તેમણે ઈમાનદારીપૂર્વક કાર્ય કર્યું. તેમણે મજૂરો, ખેડૂતો અને નાગરિકોને માટે સારું કાર્ય કર્યું. પોલીસના અધિકારો ઓછા કર્યા. ખેતમજૂરો માટે કૃષિ કાયદા બનાવ્યા. મજૂરોની મજૂરીનો દર વધાર્યો. નશાબંધી અને દારૂબંધી લાગુ કરી. અનુસૂચિત જાતિના કલ્યાણ માટે કાર્ય કર્યું. પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ, ટેક્નિકલ શિક્ષણ અને લોકોના આરોગ્ય માટે સારું એવું ધ્યાન કેન્દ્રિત કર્યું. ખાદી અને ગ્રામીણ હસ્ત-ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું. કોમવાદી તોફાનો વિરુદ્ધ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું. લોકોને લાગ્યું કે તેમની પોતાની સરકાર ચાલી રહી છે. ઈ.સ. 1939માં દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થતાં ભારતને બ્રિટને યુદ્ધમાં જોડી દેતાં તેનો વિરોધ કરવા કૉંગ્રેસી મંત્રીમંડળોએ સામૂહિક રાજીનામાં આપી દીધાં.

### હિંદ છોડો ચળવળ-1942

આપણે જોયું તેમ બ્રિટિશ સરકારે રાષ્ટ્રીય કૉંગ્રેસ કે કેન્દ્રીય ધારાસભાના સભ્યોની સાથે વિચારવિમર્શ કર્યા વગર યુદ્ધમાં જોડાઈ જતાં કૉંગ્રેસે તેનો વિરોધ કર્યો. કૉંગ્રેસે કહ્યું એક ગુલામ રાષ્ટ્ર બીજાના મુક્તિસંઘર્ષમાં કેવી રીતે ભાગ ભજવી શકે. પહેલાં ભારતને સ્વતંત્રતા આપવી જોઈએ તો જ તેઓ આ યુદ્ધમાં ભાગ લઈ શકે. બ્રિટિશ સરકારે કૉંગ્રેસની માંગણીનો અસ્વીકાર કરી પોતાનો નિર્ણય અકબંધ રાખ્યો. ત્યારબાદ (ઑક્ટોબર-1940) ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહની શરૂઆત કરી. સરકારે લગભગ 25 હજાર કરતાં વધારે સત્યાગ્રહીઓને પકડીને પૂરી દીધા હતા. વ્યક્તિગત સત્યાગ્રહ કરનાર પ્રથમ નેતા વિનોબા ભાવે હતા. જાપાને ઈન્ડોનેશિયાના માર્ગે બર્મા ઉપર અધિકાર (ઈ.સ. 1941) કરી લેતાં મહાયુદ્ધ ભારતની સરહદ સુધી પહોંચી ગયું. આવા સંજોગોમાં ભારતીયોનો યુદ્ધમાં સહયોગ પ્રાપ્ત કરવા બ્રિટિશ સરકારે સ્ટેફર્ડ ક્રિપ્સના નેતૃત્વ નીચે ક્રિપ્સ મિશન (ઈ.સ. 1942) ભારતમાં મોકલ્યું. તેણે ઘોષણા કરી કે બ્રિટિશ સરકાર બહુ ઝડપથી ભારતીયોને સ્વશાસન આપશે. તેમણે કૉંગ્રેસની એ માંગ ફગાવી દીધી કે ભારતીયોને તાત્કાલિક સ્વતંત્રતા આપવામાં આવે. ગાંધીજીએ ક્રિપ્સ દરખાસ્તોને **“વિતિ ગયેલી તારીખનો (પોસ્ટડેટેડ) ચેક”** કહ્યો. કૉંગ્રેસની સાથે સાથે મુસ્લિમ લીગે પણ તેનો વિરોધ કર્યો. યુદ્ધ દરમ્યાન ભારતમાં ભયંકર દુષ્કાળ પડ્યો અને મોંઘવારી પણ વધી તેથી પ્રજામાં સતત અસંતોષ વધતો ગયો. આ બધી બાબતોએ મહાત્મા ગાંધીને તેમનું એક મહાન આંદોલન કરવા પ્રેર્યા. મુંબઈમાં મળેલ અખિલ ભારતીય કૉંગ્રેસ કમિટીની મિટિંગમાં હિંદ છોડો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો (8 ઑગસ્ટ, 1942) અને ગાંધીજીના નેતૃત્વમાં આંદોલન કરવાનું નક્કી કરવામાં આવ્યું. એ જ રાત્રે કૉંગ્રેસના હોદ્દેદારોને સંબોધન કરતાં મહાત્મા ગાંધીએ કહ્યું ‘હું તો ઈચ્છું છે કે સવાર પહેલાં આપણને સ્વતંત્રતા પ્રાપ્ત થાય. હું પૂર્ણ સ્વતંત્રતાથી ઓછું કશું જ સ્વીકારીશ નહીં, કરો યા મરો’. આપણી પરાધીનતાને ફગાવી દઈશું અથવા તો મૃત્યુ પામીશું. તેથી (9 ઑગસ્ટ, 1942) ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. પરંતુ રાષ્ટ્રભરમાં સ્વયંસ્ફુરણાથી એક મહાન આંદોલન શરૂ થઈ ચૂક્યું હતું. ગાંધીજીએ કહ્યું હતું કે હવે તમે જ તમારા નેતા છો. એ રીતે આ આંદોલન નેતાવિહીન અને સંગઠન-વિહીન જનતાનું પોતાનું પોતાની રીતે ચાલતું આંદોલન હતું. કારખાનાઓ, શાળાઓ, કૉલેજોમાં હડતાળો પડી. સરકારે લાઠીચાર્જ અને ગોળીબાર કર્યા. પરિણામે જનતાએ પણ પોલીસસ્ટેશન, રેલવેસ્ટેશન અને પોસ્ટઑફિસ જેવાં બ્રિટિશ પ્રતીકો ઉપર હુમલા કર્યા. ટેલિફોનના તાર ઉખાડી નાખ્યા. રેલવેના પાટા પણ ઉખાડી નાખ્યા અને સરકારી મકાનોમાં આગ લગાડી દીધી. મદ્રાસ અને બંગાળમાં સ્થિતિ કાબૂ બહાર હતી. બિહાર, પશ્ચિમ બંગાળ, સંયુક્ત

પ્રાંત, તામિલનાડુ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં આંદોલન વ્યાપક બન્યું એટલું જ નહીં ઘણી બધી જગ્યાએ બ્રિટિશ શાસનનો અંત આવ્યો અને સ્થાનિક સરકારોની સ્થાપના થઈ. ઉત્તર પ્રદેશના બલિયામાં, બંગાળના મિદનાપુરમાં, મુંબઈના સતારામાં, ગુજરાતના અમદાવાદમાં ક્રાંતિકારીઓએ સમાંતર સરકારની સ્થાપના કરી. ખેડૂતો, મજૂરો અને વિદ્યાર્થીઓએ 1942ના હિંદ છોડો આંદોલનમાં સૌથી મોટો ભાગ ભજવ્યો હતો. સરકારે આંદોલનને કચડી નાંખવા પોતાની તમામ તાકાત લગાવી દીધી હતી. પ્રેસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. 10 હજારથી વધારે લોકોને ગોળીબારથી મારી નાખવામાં આવ્યા. ઈ.સ. 1857ના મહાવિદ્રોહ પછીનું આ સૌથી મોટું દમનકારી કાર્ય હતું. આ આંદોલનની એક વિશેષતા ભૂગર્ભ સંચારવ્યવસ્થા હતી. મુંબઈમાં ઉષા મહેતા આ આંદોલનનું ભૂગર્ભ રેડિયો સ્ટેશન સંભાળી રહ્યાં હતાં. આ આંદોલનમાં અરુણા આસફઅલી અને ઇન્દિરા ગાંધીએ પણ અગત્યનો ભાગ ભજવ્યો હતો. આ આંદોલને સાબિત કરી દીધું કે ભારતીય પ્રજાની ઇચ્છા વિરુદ્ધ અંગ્રેજો ભારતમાં લાંબો સમય શાસન કરી શકશે નહીં.

### સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ

હિંદ છોડો આંદોલનની સાથે સાથે ભારતીય પ્રજાની બહાદુરી અને સ્વતંત્રતાપ્રાપ્તિની ધગશને ઉજાગર કરતું મહત્ત્વપૂર્ણ આંદોલન હતું. આઝાદ હિંદ ફોજના સુભાષચંદ્ર બોઝના નેતૃત્વ નીચે ચલાવવામાં આવેલા આ આંદોલને ભારતમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સુભાષચંદ્ર બોઝે કૉંગ્રેસ છોડી ફૉરવર્ડ બ્લૉકની સ્થાપના કરી (ઈ.સ. 1939) હતી. સરકારે તેમની ધરપકડ કરી નજરકેદ કર્યા હતા. યોગ્ય તક મળતાં (માર્ચ-1941) સુભાષચંદ્ર બોઝ કેદમાંથી છૂટી દેશની બહાર નીકળી ગયા. તેઓ જર્મની ગયા અને ભારતની સ્વતંત્રતાની લડાઈ માટે મદદ માંગી. ત્યાંથી (ફેબ્રુઆરી 1943) જાપાનની સહાયતા પ્રાપ્ત કરવા જાપાન ગયા. ભારતની સ્વતંત્રતા માટે લશ્કર ઊભું કરવા સિંગાપુરમાં રાસબિહારી બોઝની સહાયથી આઝાદ હિંદ ફોજનું નેતૃત્વ લીધું. જનરલ મોહનસિંહે ભારતીય સૈનિકોની એક ટુકડી ઊભી કરી આઝાદ હિંદ ફોજ બનાવી હતી. તેમણે જયહિંદનું સૂત્ર આપી આઝાદ હિંદ ફોજની કાર્યવાહી ચાલુ કરી. સુભાષચંદ્ર બોઝ બર્માથી ભારત ઉપર આક્રમણ કરવાના મતના હતા. જોકે, બીજા વિશ્વયુદ્ધમાં (ઈ.સ. 1944-45) જાપાનનો પરાજય થતાં આઝાદ હિંદ ફોજની હાર થઈ. સુભાષચંદ્ર બોઝ ટોકિયો જતી વખતે રસ્તામાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા. (જો કે, આજે પણ આ વણ-ઉકલ્યું રહસ્ય છે.) સરકારે આઝાદ હિંદ ફોજના ત્રણ મહત્ત્વપૂર્ણ નેતાઓ જનરલ શાહનવાઝ, જનરલ ગુરુદયાલસિંહ ઢિલ્લો અને જનરલ પ્રેમ સહેગલ પર દિલ્હીમાં લાલ કિલ્લાનો કેસ ચલાવ્યો. તેની વિરુદ્ધમાં ભારતીયોએ પ્રદર્શન શરૂ કર્યાં. છેવટે આઝાદ હિંદ ફોજના આ અધિકારીઓને છોડી દેવામાં આવ્યા.



સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ

### હિંદમાં કોમવાદનો ઉદય, વિકાસ અને હિંદના ભાગલા

ઈ.સ. 1857 બાદ ભારતમાં અંગ્રેજોએ ભાગલા પાડો અને રાજ કરોની ઉક્તિ સાચી ઠેરવવા મુસ્લિમોને પોતાના પક્ષે લેવાની શરૂઆત કરી હતી. 19મી સદીનો અંત આવતાં સુધીમાં ભારતમાં સાંપ્રદાયિકતાનો વિકાસ થયો જે સ્વતંત્રતાસંગ્રામ માટે સૌથી મોટો ખતરો હતો. સાંપ્રદાયિકતા એક વિચારધારા છે. તેના મતે ભારતમાં હિંદુ-મુસ્લિમ, શીખ અને ખ્રિસ્તી અલગ અલગ વિશિષ્ટ સમુદાય છે. જેમનાં હિતો પણ અલગ છે. ભારતીય રાષ્ટ્ર નામની કોઈ ચીજ અસ્તિત્વમાં છે નહીં. કોમવાદનો ઉદય બ્રિટિશ શાસનને કારણે ભારતમાં થયો. તેમણે મુસ્લિમોને અલગ ધર્મ અને જાતિનો દરજ્જો આપી હિન્દુઓથી અલગ કરવાની વૃત્તિ પોષવાનું કામ કર્યું. આ પ્રવૃત્તિમાં સૈયદ

અહમદ ખાં મહત્ત્વપૂર્ણ હતા. તેઓ માનતા કે મુસલમાનોના રાષ્ટ્રીય હક્કો હિંદુઓ કરતાં અલગ છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી તેમના આ વિચારોને આગળ વધારવાનું કાર્ય કરતી હતી. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના સમયે તેમણે તેનો વિરોધ કર્યો. તેઓ માનતા કે બ્રિટિશ શાસન સમાપ્ત થવાથી બહુમતી હિંદુઓના હાથમાં શાસન આવશે અને તેઓ મુસ્લિમોને નુકસાન કરશે. જોકે, કોમવાદના ઉદય માટે મુસ્લિમોમાં નિરક્ષરતા અને અજ્ઞાન વધારે જવાબદાર હતાં. 19મી સદીના પ્રારંભમાં જ હિંદુઓ પશ્ચિમી જ્ઞાન-વિજ્ઞાન સાથે સંકળાયા હતા જ્યારે મુસ્લિમો અશિક્ષિત રહ્યા હતા. સરકારી નોકરીઓ, વેપાર-વાણિજ્યની પ્રવૃત્તિઓ અને ઉદ્યોગોમાં પણ તેઓ હિન્દુઓ કરતાં ઘણા પછાત હતા. આ બાબતોને લીધે તેઓ અસુરક્ષાનો અનુભવ કરતા હતા. આ પ્રવૃત્તિ ત્યારે ચરમસીમા પર પહોંચી જ્યારે શિક્ષિત મુસ્લિમો, મુસ્લિમ નવાબો અને જમીનદારોએ જનાબ આગાખાન, ઢાકાના મોહસીન-ઉલ-મુલ્કના નેતૃત્વ નીચે અખિલ ભારતીય મુસ્લિમ લીગની સ્થાપના કરી. આ જૂથ સાંપ્રદાયિક અને રૂઢિવાદી રાજકીય સંગઠન તરીકે કામ કરતું હતું. તેણે બ્રિટિશ સંસ્થાનવાદનો વિરોધ કરવાને બદલે બંગાળના વિભાજનનું સમર્થન કર્યું અને સરકારી નોકરીઓમાં મુસ્લિમો માટે અનામત વ્યવસ્થા દાખલ કરવાની માંગ કરી. ઈ.સ. 1909ના કાયદામાં તેમને અલગ મતદારમંડળ આપવામાં આવ્યાં અને વિદેશી શાસને તેમને વધારે કટ્ટર બનાવ્યા. તેઓ રાષ્ટ્રવાદી આંદોલનથી દૂર રહ્યા. મુસ્લિમ લીગના આ પગલાને કારણે દેશભક્ત મુસ્લિમો વિચલિત થયા. અનેક મુસ્લિમ રાષ્ટ્રવાદીઓએ સ્વતંત્રતાસંગ્રામમાં સક્રિય ભાગ લીધો. મૌલાના આઝાદ આવા જ એક સહિષ્ણુ અને રાષ્ટ્રવાદી મુસ્લિમ હતા. જોકે ધીમે ધીમે મુસ્લિમ લીગ તાકાતવર થતું જતું હતું. એ અરસામાં (ઈ.સ. 1909) પંજાબમાં હિંદુ સભાની સ્થાપના થઈ. તેમણે પહેલાં હિંદુ પછી ભારતીયનું સૂત્ર આપ્યું ત્યારે (ઈ.સ. 1915) કાસીમબજારના મહારાજાના નેતૃત્વ નીચે અખિલ ભારતીય હિંદુ મહાસભાનું સંગઠન બન્યું. પરિણામે હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે ખાઈ વધતી ચાલી. ઈ.સ. 1935ના ધારા પ્રમાણે થયેલી ચૂંટણીમાં કૉંગ્રેસને બહુમત પ્રાપ્ત થયો પરંતુ તે મુસ્લિમો માટે મોટા પ્રમાણમાં બેઠકો મેળવી શકી નહીં. મુસ્લિમોની 482માંથી કૉંગ્રેસને માત્ર 26 બેઠકો પ્રાપ્ત થઈ. હિંદુ મહાસભાની પણ હાર થઈ. કૉંગ્રેસ જમીનદારો વિરુદ્ધ કાર્ય કરતી હોવાથી મુસ્લિમ જમીનદારો તેનાથી વિમુક્ત થયા. પરિણામે સાંપ્રદાયિક પક્ષો મજબૂત થયા. આદેશ થતાં (ઈ.સ. 1922 પછી) ઝીણા કૉંગ્રેસના વિરોધી બનતા ગયા હતા. તેઓ વધારે ને વધારે કટ્ટર બનતા ગયા હતા. તેમણે કહ્યું હિંદુ અને મુસલમાન એ બે અલગ અલગ રાષ્ટ્ર છે. તેઓ ક્યારેય એકસાથે રહી શકે નહિ. તેમની આ નીતિ દ્વિરાષ્ટ્ર સિદ્ધાંત (Two nations theory) કહેવાય છે. મુસ્લિમ લીગે એક પ્રસ્તાવ પસાર કરી સ્વતંત્રતા બાદ દેશના ભાગલા કરી પાકિસ્તાન નામનું એક અલગ રાષ્ટ્ર આપવાની માંગણી (ઈ.સ. 1940) કરી.

હિંદુ મહાસભા જેવાં હિંદુ સંગઠનો મુસ્લિમ લીગની જેમ સાંપ્રદાયિક બનતાં જતાં હતાં. તેમણે પણ દ્વિરાષ્ટ્રનો સિદ્ધાંત સ્વીકાર્યો હતો. આ રીતે સાંપ્રદાયિકતાને બંને પક્ષ સ્વીકારતા રહ્યા. તેથી બંને વચ્ચે સંઘર્ષ વધ્યો. અસહકારના આંદોલન બાદ અને આર્યસમાજના શુદ્ધિ આંદોલન બાદ હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે મોટા પાયે કોમી રમખાણો ફાટી નીકળ્યાં. સ્વતંત્રતાસંગ્રામનું આંદોલન આ સાંપ્રદાયિક શક્તિઓનો વિરોધ કરતું રહ્યું પરંતુ તે તેમાં સફળ થયું નહીં. આ દરમિયાન (ઈ.સ. 1937 થી ઈ.સ. 1939 સુધીમાં) કૉંગ્રેસના નેતાઓ અને ઝીણા વચ્ચે અનેક મુલાકાત થઈ પરંતુ તેનું કોઈ પરિણામ ન આવ્યું. ત્યારબાદના (ઈ.સ. 1946-47) ગાળામાં હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેની ખાઈ વધારે પહોળી થઈ. કેબિનેટ મિશન આવ્યા બાદ (ઈ.સ. 1946) મુસ્લિમ લીગે સીધાં પગલાંના દિવસ મનાવવાની શરૂઆત કરી. પરિણામે ભારતમાં મોટાપાયે કોમી રમખાણો ફાટી નીકળ્યાં. ખાસ કરીને પૂર્વ બંગાળના નોઆખલીમાં મોટા પાયે કોમી રમખાણોનું તાંડવ થયું. અનેક નિર્દોષની હત્યા થઈ. મહાત્મા ગાંધીએ જાતે ત્યાં જઈ પરિસ્થિતિને સંભાળવાનો પ્રયત્ન કર્યો. માઉન્ટબેટનની 3 જૂનની યોજના અન્વયે છેવટે મુસ્લિમ લીગની માંગણી સ્વીકારાઈ અને સ્વતંત્રતા પ્રાપ્તિના સમયે ભારતના ભાગલા થયા.

**સ્વતંત્ર બનેલા ભારત અને તેની સમક્ષની તત્કાલીન સમસ્યાઓ**

બીજા વિશ્વયુદ્ધનો અંત આવતાં ભારતીય સ્વતંત્રતાસંગ્રામમાં એક નવો જ વળાંક આવ્યો. યુદ્ધને કારણે વિશ્વકક્ષાએ શક્તિનું સંતુલન બદલાયું હતું. અમેરિકા અને સોવિયેટ રશિયા હવે વિશ્વની મહાસત્તાઓ તરીકે આગળ આવ્યાં હતાં. આ બંને રાષ્ટ્રો સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદમાંથી મુક્તિનો મત ધરાવતાં હતાં. યુદ્ધમાં બ્રિટન વિજેતાના પક્ષે હોવા છતાં તેની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ થઈ ચૂકી હતી. એટલું જ નહીં બીજા વિશ્વયુદ્ધ બાદ બ્રિટનમાં રૂઢિચુસ્ત પાર્ટીની જગ્યાએ લેબર પક્ષની સરકાર આવી હતી. મુંબઈમાં ભારતીય નૌસેનાના સૈનિકોએ વિદ્રોહ (ઈ.સ. 1946) કર્યો. આથી સરકારને લાગ્યું કે ક્રમશઃ સેના પણ તેના હાથમાંથી સરકી રહી છે. પોલીસ અને સરકારી અધિકારીઓ પણ સ્વતંત્રતાસંગ્રામની તરફેણ કરી રહ્યા હતા. એ સમયે દેશી રજવાડાંઓમાં પણ મોટા પાયે આંદોલનો ફાટી નીકળ્યાં હતાં. એટલું જ નહીં બ્રિટિશ ભારતમાં પણ મોટા પાયે હડતાળો શરૂ થઈ ચૂકી હતી. ત્યારે (22 ફેબ્રુઆરી, 1946) મુંબઈમાં મોટા પાયે હડતાળો પડી હતી જેમાં 250 કરતાં વધારે લોકો માર્યા ગયા હતા. તો દક્ષિણ ભારતમાં રેલવેમજૂરોએ પણ મોટી હડતાળ શરૂ કરી હતી. આ બધી બાબતોને ધ્યાનમાં લઈ સરકારે કૅબિનેટ મિશન (ઈ.સ. 1946) ભારતમાં મોકલ્યું, જે ભારતીયોને સત્તાની સોંપણી માટેનું હતું. તેના એક પ્રસ્તાવ મુજબ ભારતીયો પોતાનું બંધારણ તૈયાર કરે તે સિવાય તેની બાકીની માંગણીઓ બધા પક્ષે ફગાવી દીધી. આ યોજના અન્વયે જવાહરલાલ નેહરુના વડપણ હેઠળ વચગાળાનું મંત્રીમંડળ સ્થાપવામાં આવ્યું (સપ્ટેમ્બર, 1947) જેમાં મુસ્લિમ લીગ પણ સામેલ થયું.

અંતે બ્રિટનના વડાપ્રધાન ક્લેમેન્ટ એટલીએ ઘોષણા કરી (20 ફેબ્રુઆરી, 1947) કે બ્રિટન જૂન, 1948 સુધીમાં ભારત પરનું પોતાનું શાસન છોડી દેશે. એટલીની ઘોષણા બાદ મુસ્લિમ લીગ વધારે આક્રમક બન્યું. સમગ્ર દેશમાં ભારે કોમી રમખાણો ફાટી નીકળ્યાં. આવા સમયે (માર્ચ-1947) માઉન્ટબેટન ભારતના વાઈસરૉય તરીકે નિમણૂક પામ્યા. તેમણે ઇંગ્લૅન્ડના નેતાઓ અને ભારતના જુદા જુદા પક્ષો સાથે વાર્તાલાપ કરી (3 જૂન 1947) પોતાની યોજના જાહેર કરી. તે પ્રમાણે ભારતમાં (15 ઑગસ્ટ, 1947) એકસાથે બે રાજ્યો ભારત અને પાકિસ્તાનનો જન્મ થયો. ભારતીય રાષ્ટ્રવાદી નેતાઓએ વિભાજનનો સ્વીકાર કર્યો. (14 ઑગસ્ટ, 1947) જવાહરલાલ નેહરુએ બંધારણસભા સમક્ષ પ્રવચન કરતાં કહ્યું હતું જ્યારે સમગ્ર વિશ્વ સૂઈ રહ્યું છે ત્યારે ભારત જીવન અને સ્વતંત્રતા તરફ અગ્રેસર થશે.

સ્વાધીનતાની પ્રાપ્તિની સાથે ભારત સમક્ષ અનેક સમસ્યાઓ મોં ફાડીને ઊભી હતી. લગભગ 562 જેટલાં દેશી રજવાડાંઓ જે સ્વતંત્ર રહેવા ઇચ્છતાં હતાં તે ભારત માટે મોટી આફતરૂપ હતાં. સરદાર પટેલે કહ્યું હતું કે જો દેશી રજવાડાંઓ વિશે યોગ્ય નિર્ણય નહીં કરવામાં આવે તો ભારતની સ્વતંત્રતા દેશી રજવાડાંઓના પાછળના બારણેથી નીકળી જશે. બીજી તરફ ભારત અને પાકિસ્તાન એવા બે ભાગલા થતાં ભારતીય પ્રજાનું સ્થળાંતરણ બહુ જ મોટી સમસ્યા સર્જાઈ. ખાસ કરીને પંજાબ અને બંગાળમાં સ્થિતિ સ્ફોટક હતી. આ સમસ્યાએ મોટા પાયે હિન્દુ-મુસ્લિમો વચ્ચે કોમી રમખાણો ઊભાં કર્યાં. ખુશવંતસિંહ જેવા સમર્થ સાહિત્યકાર દ્વારા રચિત પુસ્તક 'ટ્રેન ટુ પાકિસ્તાન'માં આવી ઘટનાઓનો હૃદયદ્રાવક અહેવાલ મળે છે. 200 વર્ષના અંગ્રેજી શાસને ભારતનું ભયંકર આર્થિક શોષણ કર્યું હતું. નિરક્ષર અને ગરીબ તથા બેહાલ ભારતને આર્થિક અને શૈક્ષણિક રીતે પગભર બનાવવાનો એક મોટો પડકાર સ્વતંત્ર ભારત સમક્ષ હતો. કૃષિ અને ઔદ્યોગિકીકરણ તથા શિક્ષણ અને ટેક્નોલૉજીના વિકાસથી જ તે પડકારનો જવાબ આપવાનો હતો. ભારતમાં પ્રાંતરચનાનો એક મોટો મુદ્દો સ્વતંત્રતા પછી તરત જ ઊભો થયો હતો. જેણે ફરી એક વખત ભારતની એકતા અને અખંડિતતાને ભયમાં મૂકી હતી. સ્ત્રીઓની, અનુસૂચિત જાતિની અને અનુસૂચિત જનજાતિની વિકાસની સમસ્યાઓ પણ સ્વતંત્ર ભારત સમક્ષ હતી. જોકે, આજે ભારતે ખાસ્સો વિકાસ કરી આ સમસ્યાઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે અને ભારતને વિશ્વની મહાસત્તા બનાવવા સમગ્ર પ્રજા કૃતનિશ્ચયી બની છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) મહાત્મા ગાંધીના સત્યાગ્રહ અને અહિંસાના વિચારો સમજાવો.

(2) સ્વતંત્રતાસંગ્રામમાં ક્રાંતિકારીઓની ભૂમિકા સ્પષ્ટ કરો.

(3) સવિનય કાનૂનભંગની ચળવળ ઈ.સ. 1930ના કારણો અને પરિણામો જણાવો.

(4) ભારતીય સ્વતંત્રતાસંગ્રામમાં સુભાષચંદ્ર બોઝનું પ્રદાન સ્પષ્ટ કરો.

(5) સ્વતંત્રતા બાદ ભારત સમક્ષ કેવી સમસ્યાઓ હતી. સમજાવો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) રૉલેટ ઍક્ટ (1919) વિશે જણાવો.

(2) ઈ.સ. 1935ના કાયદાએ ભારતીયોને શું આપ્યું ?

(3) અસહકારના આંદોલન વિશે નોંધ લખો.

(4) કોમવાદના ઉદય માટેનાં કારણો ટૂંકમાં જણાવો.

(5) સાયમન કમિશનનો શા માટે વિરોધ કરવામાં આવ્યો હતો ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) મહાત્મા ગાંધીનો પ્રથમ સત્યાગ્રહ કયો ?

(અ) ચંપારણ (બ) અમદાવાદ (ક) ખેડા (ડ) બારડોલી

(2) કયા મહાન નેતા સાયમન કમિશનના વિરોધ વખતે મૃત્યુ પામ્યા ?

(અ) બિપિનચંદ્ર (બ) તિલક (ક) લાલા લજપતરાય (ડ) દાદાભાઈ નવરોજી

(3) વ્યક્તિગત સત્યાગ્રહના પ્રથમ સત્યાગ્રહી કોણ ?

(અ) ગાંધીજી (બ) વિનોબા (ક) નેહરુ (ડ) સરદાર

(4) કઈ યોજના અન્વયે ભારતનું બંધારણ ઘડવામાં આવ્યું ?

(અ) ઑગસ્ટ ઑફર (બ) ક્રિપ્સ મિશન (ક) વેવેલ યોજના (ડ) કૅબિનેટ મિશન

(5) મુસ્લિમ લીગની સ્થાપના ક્યારે થઈ ?

(અ) 1905 (બ) 1906 (ક) 1907 (ડ) 1908

•